# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-05-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## આરોગ્ય વિષયક નિર્ણય:

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આરોગ્યવિષયક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેની વિગતો આપતા આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જેના અંતર્ગત કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ આપવામાં આવશે.

રાજ્યમાં હાલ અમલી PMJAY-મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઇ લાભ આપવામા આવશે. રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને “G” સીરીઝનું એબી પીએમજેએવાય મા કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી PMJAY નોડલ એજન્સી સ્ટેટ હેલ્થ એજન્સી કરશે. આ યોજના હેઠળ સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને PMJAY એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂપિયા ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. યોજના હેઠળ બહારનાં દર્દી તરીકે OPD સારવારનો સમાવેશ થશે નહી. હાલ આપવામાં આવતું માસીક મેડીકલ એલાઉન્સ યથાવત મળવાપાત્ર રહેશે.

રાજય સરકારના આ નિર્ણયથી અંદાજે ૪.૨૦ લાખ અધિકારી-કર્મચારીઓ અને અંદાજે ૨.૨૦ લાખ પેન્શનર્સ મળી કુલ ૬.૪૦ લાખ કર્મયોગીઓને આ યોજનાનો લાભ મળશે.

---

## ભુજમાં તિરંગા યાત્રા-:

ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાનાં પરાક્રમને બિરદાવવા રાજ્યભરમાં અનેક સ્થળોએ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ગઇકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદમાં તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આવતીકાલે ભુજ ખાતે તિરંગા યાત્રા યોજાશે. તિરંગા યાત્રામાં સૌ નાગરિકોને જોડાવવા માટે કચ્છના સાંસદ વિનોદભાઇ ચાવડાએ અપીલ કરી હતી.

(બાઇટ : વિનોદ ચાવડા)

---

## નગર પાલિકા બેઠક -:

આગામી ચોમાસાંને ધ્યાને લઇ ભુજમાં પાણી ભરાવાની સ્થિતિ ન સર્જાય તેના ઉપાય માટે ધારાસભ્ય કેશુભાઇ પટેલની અધ્યક્ષતામાં સુધરાઇની બેઠક મળી હતી. બેઠકમાં વોર્ડ નં. 1, 2, 7, 8 અને 11ના વિવિધ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા અને તેના ઉપાયો અંગે ચર્ચા કરાઇ હતી. આ સિવાય વરસાદી વહેણમાં ગટરના પાણી, સોસાયટીઓમાં પાણી નિકાલની વ્યવસ્થા, રિચાર્જ બોર, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરાઇ હતી. બેઠકમાં નગરપતિ, કારોબારી ચેરમેન, પ્રાંત અધિકારી સહિત નગર સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

---

## અગ્રવાલ સમાજ:

ગાંધીધામ અગ્રવાલ સમાજ દ્વારા જિલ્લાની સરહદે સિરક્રિકમાં જવાનો માટે 10 બાયોકેમિકલ શૌચાલય બનાવવામાં આવશે. આ માટે લગભગ 4.50 લાખ સુધીનો ખર્ચ આવવાની સાંભવના છે. રાષ્ટ્રભક્તિ એ દાનની સરવણી થતાં આ કાર્ય સરળ બન્યું છે. સમાજના અગ્રણીઓએ સૈન્ય જવાનોની સેવા રાષ્ટ્ર સેવાનો જ ભાગ છે. તેના માટે મોભીઓ સદા તત્પર રહેશે તેઓ ઉદ્ગાર વ્યક્ત કર્યો હતો.

---

## પોલીસ મથકમાં ડ્રોન જમા:

થોડા દિવસો પૂર્વે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં જ ફટાકડા ફોડવા તથા ફોટોગ્રાફિક ડ્રોન ઉડાવવા પર કલેક્ટરે જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ લગાવી દીધો છે. આ જાહેરનામાના પગલે અને સુરક્ષાની તકેદારીના ભાગરૂપે સરહદી કચ્છ જિલ્લાના ફોટોગ્રાફીના ડ્રોન જમા લેવાની કાર્યવાહી પોલીસે આદરી છે. ફોટોગ્રાફિક ડ્રોનના પ્રતિબંધની તટસ્થ રીતે અમલવારીના ભાગરૂપે સીમાવર્તી કચ્છના પૂર્વ અને પશ્ચિમ પોલીસે આવાં ડ્રોન હાલના તબક્કે પોલીસ મથકમાં જમા કરાવવા ફોટોગ્રાફર એસોસીએશન તેમજ ફોટોગ્રાફરોને સૂચના આપી છે, જેને પગલે બે દિવસથી પોલીસ મથકોમાં ફોટોગ્રાફર્સ પોતપોતાના ફોટોગ્રાફિક કેમેરાવાળાં ડ્રોન જમા કરાવી રહ્યા છે.

---

## અંગદાન:

કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી અંગદાન પ્રત્યે જાગૃતિ આવી રહી છે. મંગળવારે મુન્દ્રા તાલુકાના દેશલપર કંઠીના 55 વર્ષીય મહિલાના અંગદાન થકી ત્રણ વ્યક્તિને નવું જીવન મળ્યું હતું. બ્રેઇન ડેડ જાહેર કરાયેલા આ મહિલાના લિવર અને કિડનીને ખાસ વિમાન મારફત અમદાવાદ લઇ જવાયા હતા.

---